પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૧ | ૨૧ ફેબ્રુઆરી, ૨૦૧૮, બુધવાર ; ફાગણ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સાયક્લોનના ભયે ન્યુઝીલેન્ડે તમામ ઉડાનો રદ કરી

ટ્રોપીકલ સાયક્લોન ગીતા ન્યુઝીલેન્ડ અને આસપાસના વિસ્તારોમાં ટુંક સમયમાં ત્રાટકવાનો ભય હોઈ એર ન્યુઝીલેન્ડે તેની તમામ ઉડાનો રદ કરી છે.

### અમેરિકી પ્રમુખનો પુત્ર ભારતની મુલાકાતે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર એક સપ્તાહ માટે ભારતની મુલાકાતે આવ્યા છે.

### અગ્નિ-૨ મિસાઈલનું પરીક્ષણ

ભારતીય સેનામાં સામેલ થઈ ચુકેલા અગ્નિ-૨ મિસાઈલનું વધુ એક સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. બે હજાર કિમીની રેન્જ ધરાવતી અગ્નિ-૨ મિસાઈલનુ ઓડિશાથી પરીક્ષણ કરાયું છે.

### ગોવાના મુખ્યમંત્રીને સારવાર માટે અમેરિકા લઈ જવાશે

પેન્ક્રીયાઝમાં તકલીફ થવાને કારણે છેલ્લા એક અઠવાડિયાથી મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરને સારવાર માટે અમેરિકા લઈ જવામાં આવી શકે છે. હાલમાં તેઓની તબીયત સ્થિર છે.

### તેજપ્રતાપ યાદવે છોડ્યો સરકારી બંગલો

રાજદ સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર અને બિહારના પૂર્વ મંત્રી તેજપ્રતાપ યાદવે ભૂત-પ્રેતના ડરથી સરકારી બંગલો છોડી દીધો છે. મુખ્યમંત્રી નીતિશ કુમાર અને સુશીલ મોદીએ તેમના સરકારી બંગલામાં ભૂત મૂકીને ગયા છે. જેના કારણે તેમણે સરકારી બંગલો ખાલી કરી દીધો છે.

# નિતીનભાઈનું કૃષિલક્ષી અંદાજપત્ર

**૧.૮૩ લાખ કરોડના બજેટમાં ખેડૂતો, યુવાનો, મહિલા કેન્દ્ર સ્થાને : ગુજરાતના બજેટનું કદ ૧૮૩૬૬૬ કરોડ : રેવેન્યુમાં વધારો : ફિસ્કલ ડેફિસિટ ઘટીને ૧.૪૨ ટકા યુવાનોને ટ્રેનિંગ માટે મહિને ૩૦૦૦ : બજેટમાં વેરા આવક ૨૦.૯૨ ટકા, ઉત્પાદનની ક્ષમતામાં ૧૩ ટકાની વૃદ્ધિ : શિક્ષણ ક્ષેત્રને ૨૭૫૦૦ કરોડ**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નિતીન પટેલે રાજ્યનું ૨૦૧૮-૧૯ના વર્ષનું સામાન્ય બજેટ વિધાનસભામાં રજૂ કર્યું હતું. આ બજેટનું કદ ૧૮૩૬૬૬ કરોડ રૂપિયા છે. બજેટમાં ૭૮૩.૦૨ કરોડની પુરાંત દર્શાવવામાં આવી છે, પરંતુ નશાબંધી અને આબકારીના દરો વધારતાં મળનારી ૧૦૬.૩૨ કરોડની આવક ગણતાં એકંદરે અંદાજીત પુરાંત ૮૮૯.૩૪ કરોડ થઈ છે.

આ બજેટમાં જીએસટીના કારણે કોઈ નવા કરવેરા લાગુ કરવામાં આવ્યા નથી પરંતુ તમામ પ્રકારનો પરમીટનો દારૂ મોંઘો કર્યો છે જેના કારણે નશાબંધીમાં ૧૦૬ કરોડની વધારાની આવક થશે. નાણામંત્રીના બજેટમાં ખેડૂત, યુવાનો અને મહિલાઓને વિશેષ લાભ આપવામાં આવ્યા છે.

નીતિન પટેલ બજેટ સ્પીચ વાંચી રહ્યા હતા ત્યારે જ વિપક્ષે જોરદાર હોબાળો શરુ કર્યો હતો. જેના કારણે નીતિન પટેલને પોતાની બજેટ સ્પીચ અટકાવવી પડી હતી. વિપક્ષે જોરદાર નારેબાજી કરતા કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રિબડિયાને ગૃહમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા.

ગુજરાતની વિજય રૂપાણીની સરકારે બજેટમાં કૃષિ, શિક્ષણ, પાણી અને આરોગ્ય જેવી બાબતો પર વધારે ભાર મૂક્યો છે. આ બજેટ લોકસભાની ચૂંટણીને ધ્યાને લઈને બનાવવામાં આવ્યું હોય તેવી છાપ ઉપસી આવે છે.

સીએસડી કેન્ટીન દ્વારા મિલિટરી પર્સોનલ માટે જે વિદેશી દારૂ આયાત કરવામાં આવે છે તેના પર હાલના દરોમાં સુધારો કરવામાં આવ્યો છે. વિદેશથી આયાત થતાં વિદેશી દારૂ પર સ્પેશ્યલ ફી લાદવામાં આવી છે. સ્પિરીટમાં કેન્ટીનના દર પ્રતિ લીટરે ૭૫ હતા તે વધારીને ૨૨૫ કરવામાં આવ્યા છે. વાઈનમાં ૧૦ના ૩૦, સ્ટ્રોન્ગ વાઈનના ૭૫ના ૨૨૫ અને બીયરના ૧૦ના ૧૫ થી ૩૦ કરવામાં આવ્યા છે.

નાણામંત્રીએ આબકારી જકાતના દરોમાં સ્પિરીટ પર લીટરે ૧૦૦ના ૩૦૦, બીયર પર લીટરે ૨૫ના ૬૦, વાઈનના લીટરે ૧૦૦ના ૩૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. સરકારે સ્પિરીટ, વાઈન અને બિયર પર ટ્રાન્સપોર્ટેશન ફી અને સ્પેશ્યલ ફી પણ લાદી દીધી છે. આ ફીનું ધોરણ ચીજપ્રમાણે પાંચ રૂપિયાથી ૪૫ રૂપિયા સુધીનું છે.

સરકારે બજેટમાં અનેકવિધ યોજનાઓ જાહેર કરી છે. વર્ષ દરમ્યાન ૫૬૩૫ નવા પોલીસ કોન્સ્ટેબલની ભરતી થશે. ટ્રાફિક બ્રિગેડના કર્મચારીઓની સંખ્યા ચાર હજારથી વધારી છ હજાર કરાશે. તેમનું માનદ વેતન પણ વધારીને ૩૦૦ રુપિયા કરાશે. પોલીસ ક્વાટર્સ બનાવવા ૩૬૦ કરોડની ફાળવણી કરાશે. સાત વર્ષથી રિસરફેસ નથી થયા તે તમામ રસ્તા ૪૧૨ કરોડના ખર્ચે રિસરફેસ કરવામાં આવશે. ૮૯૯ કરોડ રુપિયા સ્ટેચ્યુ ઓફ લિબર્ટી માટે ખર્ચવામાં આવશે.

નિતીન પટેલે કહ્યું હતું કે શહેરોમાં ૨૯૧૨ કરોડના ખર્ચે ટ્રાન્સપોર્ટ સુવિધા વિકસાવાશે. ૧૨૬૪ કરોડ રુપિયા ભૂગર્ભ ગટરો માટે ફાળવવામાં આવ્યા છે. યુવા રોજગારી માટે ૭૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



## કૃષિ ક્ષેત્રે વિશિષ્ટ ફાળવણી

### કોલ્ડ સ્ટોરેજની ક્ષમતા પણ વધારાશે

- ખેડૂતો અને ગ્રામીણ પ્રજાના હિતને ધ્યાનમાં લઈને બજેટ
- કૃષિ-ખેડૂત કલ્યાણ માટે ૬૭૫૫ કરોડની ફાળવણી
- ખેડૂતોને પાક વિમાની રકમ સહિતના કામો માટે ૧૧૦૧ કરોડ
- ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે ૫૦૦ કરોડનું ધિરાણ
- કૃષિ શિક્ષણ સંશોધન માટે ૭૦૨ કરોડ
- જમીન જળસંરક્ષણ તથા જમીન સુધારણા માટે ૫૪૮ કરોડ
- પાક અને ખેતરની સુરક્ષા માટે ખેતરમાં વાડ માટે ૨૦૦ કરોડ
- કોલ્ડ સ્ટોરેજની ક્ષમતા ૨૦૨૨ સુધી ૩૦ લાખ મેટ્રિક ટન કરાશે
- મત્સ્ય વિકાસ બંદર માટે ૨૮૦ કરોડ

## સ્નાતક યુવાનોને માસિક ૩, ડિપ્લોમાને બે હજાર એપ્રેન્ટીસશીપ

**યુવાનોને રોજગાર માટે ૭૮૫ કરોડની જોગવાઇ : એપ્રેન્ટીસ યોજનાની જાહેરાત રાજયમાં બેરોજગારીની સમસ્યાને હલ કરવાનો પ્રયાસ**

અમદાવાદ,તા. ૨૦

ગુજરાત રાજયમાં બેરોજગારીની સમસ્યાને લઈ વિપક્ષ કોંગ્રેસ દ્વારા વિધાનસભા ચૂંટણીથી લઈ વિધાનસભા સત્રમાં પણ અવારનવાર સરકાર પર પાડવામાં આવતી પસ્તાળનો જડબાતોડ જવાબ આપવાના હેતુથી સરકાર દ્વારા આજે યુવાનોની રોજગારી અને સશકિતકરણને લઈ કેટલીક મહત્વની જાહેરાત કરવામાં આવી હતી. આજે રજૂ કરાયેલા બજેટમાં નાણાંમંત્રી નીતિન પટેલે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાની બહુ મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, યુવાનોને રોજગાર અને વ્યવસાયની તકો માટે ૭૮૫ કરોડની જોગવાઈ કરાઈ છે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજનાની આકર્ષક જાહેરાત જણાવતાં

## આરોગ્ય-પરિવાર કલ્યાણ માટે ૯૭૫૦ કરોડની ફાળવણી

**સરકારી હોસ્પિટલોમાં ફ્રી દવા માટે ૪૭૦ કરોડ**

અમદાવાદ,તા.૨૦

નાણાંમંત્રી દ્વારા રજૂ કરાયેલા બજેટમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ સેવા માટે ખાસ રૂ.૯૭૫૦ કરોડની મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ફકત આરોગ્ય અને પરિવાર કલ્યાણ પાછળ જ રૂ.૪૮૯૮ કરોડની ફાળવણી કરાઈ છે. તો, રાજયની સરકારી હોસ્પિટલોમાં દર્દીઓને વિનામૂલ્યે દવા મળી રહે તે માટે રૂ.૪૭૦ કરોડ ફાળવવાનું નક્કી કરાયું છે. આ સિવાય મુખ્યમંત્રી અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના માટે રૂ.૭૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. તો તબીબી શિક્ષણ માટે રૂ.૩૪૧૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાણાંમંત્રી નીતિન પટેલે રજૂ કરેલા બજેટમાં આરોગ્ય

# મુખ્ય સચિવ સાથે ખરાબ વર્તન મામલે કેજરીવાલ પર તીવ્ર પ્રહારો

**કેજરીવાલના રાજીનામાની ભાજપ અને કોંગ્રેસ દ્વારા માંગણી : કેજરીવાલની ઉપસ્થિતિમાં મારામારી કરવા મુખ્ય સચિવનો આક્ષેપ**

નવીદિલ્હી,તા. ૨૦

દિલ્હીના મુખ્ય સચિવ અંશુ પ્રકાશ સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના રાજીનામાની માંગ ભાજપ અને કોંગ્રેસ તરફથી કરવામાં આવી છે. મુખ્ય સચિવ અંશુ પ્રકાશે કહ્યું છે કે, મારામારી વચ્ચે તેમને ભાગી જવાની ફરજ પડી હતી. એએપીના ધારાસભ્ય પર મુખ્યમંત્રીના આવાસમાં કેજરીવાલની ઉપસ્થિતિમાં પોતાની સાથે મારામારી કરવાનો આક્ષેપ કર્યો છે. જો કે, મુખ્યમંત્રીની ઓફિસે આ પ્રકારના આક્ષેપોને રદિયો આપ્યો છે. એએપીના એક ધારાસભ્યએ આ સમગ્ર મામલામાં અંશુ પ્રકાશની સામે સંગમવિહાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી દીધી છે.

એએપીના ધારાસભ્ય અમાનતુલ્લાએ મુખ્ય સચિવના આક્ષેપોને ફગાવી દીધા છે. તેમણે કહ્યું છે કે, મુખ્યમંત્રી સાથે કોઈ ખરાબ વર્તન કરવામાં આવ્યું નથી. તેમણે એમ પણ કહ્યું છે કે, કોઈના ઈશારા પર અંશુ આવું કામ કરી રહ્યા છે. આ ઘટના બાદ વિપક્ષે કેજરવાલ સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા છે. દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અજય માંકને આક્ષેપ

● અનુસંધાન પાન-૭ પર

# પીએનબી કૌભાંડમાં અભિષેક મનુ સિંઘવીની પત્નિને નોટિસ

નવીદિલ્હી,તા. ૨૦

પીએનબી ફ્રોડના મામલામાં આરોપી નિરવ મોદી પાસેથી લાભ લેવાના આરોપ મુકવામાં આવ્યા બાદ હવે કોંગ્રેસી નેતા અભિષેક મનુ સિંઘવી આવક વેરા વિભાગની કાર્યવાહીની જાળમાં ફસાય તેવા અહેવાલ આવી રહ્યા છે. આવકવેરા વિભાગના જોધપુર એકમ દ્વારા જારી કરવામાં આવેલી નોટિસમાં અનિતા સિંઘવીને નોટિસ ફટકારીને માહિતી આપવા સૂચના આપવામાં આવી છે. નિરવ મોદી અને તેમની વચ્ચે થયેલી આર્થિક લેવડદેવડના આક્ષેપોનો જવાબ આપવા માટે અભિષેક મનુ સિંઘવીના પત્નિને આદેશ કરવામાં આવ્યો છે. આવકવેરા વિભાગે નોટિસ ફટકાર્યા બાદ કાયદાકીય વર્તુળોમાં પણ આની ચર્જા જોવા મળી રહ છે.



**આર્થિક લેવડદેવડના સંદર્ભમાં આક્ષેપોનો જવાબ આપવા આદેશ : નિરવ મોદીની કંપનીની સાથે કોઇ લેવા દેવા નથી : સિંઘવી**

આવકવેરા વિભાગ દ્વારા જારી કરવામાં આવેલી નોટિસમાં અનિતા સિંઘવી પર નિરવ મોદીને ખોટીરીતે આર્થિક લાભ આપવાના આરોપો અંગે તેમની પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે. સુત્રોના કહેવા મુજબ નિરવ મોદીથી આશરે છ કરોડ રૂપિયાની જ્વેલરી ખરીદવા અને આના માટે ૪.૮ કરોડ રૂપિયાની રકમ રોકડમાં ચુકવવાના આરોપમાં આવકવેરા વિભાગે અનિતા સિંઘવી પાસેથી જવાબની માંગ કરી છે. અલબત્ત આવકવેરા વિભાગ અથવા તો અભિષેક મનુ સિંઘવીના પરિવાર તરફથી કોઈ માહિતી આપવામાં આવી નથી. પીએનબી ફ્રોડ મામલામાં એક પછી એક નવી વિગતો સપાટી ઉપર આવી રહી છે. ભાજપના નેતા અને સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારામને કોંગ્રેસી નેતા અભિષેક મનુ સિંઘવી પર નિરવ પાસેથી લાભ લેવાનો આક્ષેપ કર્યો છે. ત્યારબાદ સિંઘવીએ આ મામલામાં મુકવામાં આવેલા આક્ષેપોને ખોટા ગણાવીને બદનક્ષીનો દાવો કરી દીધો છે.

# બિહારમાં જાનની બસ ખાડામાં ખાબકતાં આઠનાં મોત

પટણા,તા.૨૦

બિહારમાં પટણાના મસૌઢી નજીક ગઈકાલે મોડી સાંજે જાનૈયા ભરેલી એક બસ ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકતાં બસમાં બેઠેલા પૈકી આઠ જાનૈયાનાં મોત થયાં હતાં. જ્યારે અન્ય ૩૬ લોકોને ઈજા થઈ હતી. ઘવાયેલા તમામને નાલંદા મેડિકલ કોલેજમાં દાખલ કરાવવામાં આવ્યા છે. બસમાં લગભગ ૫૦ લોકો બેઠા હતા. જેમાં ગંભીર રીતે ઘવાયેલા ૧૨ લોકોને પટણા પીએમસીએચ ખસેડવામાં આવ્યા છે. બસનો ચાલક દારૂ પીધેલી હાલતમાં હોવાનું બહાર આવ્યુ છે. આ ઘટનામાં મૃત્યુ પામનારા આઠ લોકોના વારસદારોને ચાર ચાર લાખની સહાય આપવામાં આવશે. તેમજ ઘવાયેલાની મફત સારવાર કરવામાં આવશે. તેવી સરકારે જાહેરાત કરવામા આવી હતી.

આ દુર્ઘટના પટણાથી લગભગ ૩૨ કિમી દૂર કંડાપ ગામ પાસે સર્જાઈ હતી. બસ ખાડામાં ખાબકતાં જાનૈયાઓની ચીસોથી

● અનુસંધાન પાન-૭ પર










